# અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢ.

દાખલ તારીખ : ૦૮/૦૬/૨૦૨૬
રજુ. તારીખ : ૦૮/૦૬/૨૦૨૬
ફેસલ તારીખ : ૨૦/૦૬/૨૦૨૬
સમય ગાળો : વ. મા. દિ.
૦૦ – ૦૦ –૦૦

**ફોજદારી કેસ નંબર : ૧૭૭૫/૨૦૨૬.**

આંક :–____

ફરિયાદી :– **શ્રી સરકાર**

<u>વિરૂધ્ધ</u>

આરોપીઓ :–

(૧) **સુનીલભાઈ પંજુમલ હીરાણી,**
રહે. ત્રીમુર્તી સોસાયટી ૧ બ્લોક નં–૩૦
જોષીપરા.

(૨) **વિનોદકુમાર પંજુમલ આહુજા**
રહે. ગીરીરાજ રોડ અમ્બિકા કોમ્યુનીટી હોલ
ની પાછળ શેરી નં–૩ બ્લોક નં–૧૫.

(૩) **કવીતાબેન વા/ઓ સુનીલભાઈ પંજુમલ હીરાણી,**
રહે. ત્રીમુર્તી સોસાયટી ૧ બ્લોક નં–૩૦
જોષીપરા.

(૪) **પદમાબેન વા/ઓ વિનોદકુમાર પંજુમલ આહુજા**
રહે. ગીરીરાજ રોડ અમ્બિકા કોમ્યુનીટી હોલ

ની પાછળ શેરી નં–૩ બ્લોક નં–૧૫.

**આરોપ :– <u>જુગાર ધારાની કલમ–૧૨ મુજબ.</u>**

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૩/૦૫/૨૬ ના કલાક ૧૮–૪૫ વાગ્યે જુનાગઢ ગીરીરાજ સોસાયટી અમ્બીકા કોમ્યુનીટી હોલ ની પાછળ શેરી નં–૩ પાસે જાહેરમાં ગોળકુંડાળુ વાળી ગંજીપતાના પાના પૈસા વડે તીનપતી નામનો નસીબ આધારીત પૈસાની હારજીતનો જુગાર રમતા જુદા જુદા દરની ચલણી નોટો રોકડા રૂપીયા રૂ.૨૫૫૦/– તથા ગંજી પતાના પાના નંગ–૫૨ કી.રૂ.૦૦–૦૦ તથા એક પાથરણુ કી.રૂ.૦૦/– સહીત કુલ કી.રૂ.૨૫૫૦/–ના મુદામાલ સાથે પકડાઈ જઈ ગુનો કરેલ હોવાની ફરિયાદ, ફરિયાદીએ જૂનાગઢ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન સમક્ષ આપેલી.

(૨) આજરોજ આરોપીઓ હાજર હોય આરોપીઓ તરફે રજુ થયેલ કબુલાત પુરસીસ જોતાં, આરોપીઓ ઉપરોકત ગુનાની કબુલાત કરવા માંગે છે.

(૩) આરોપીઓની ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાતું હોય, આરોપીઓની ગુનાની કબુલાત સ્વીકારવામાં આવે છે, આરોપીઓ ગરીબ વર્ગના હોય, તેઓનો આ પ્રથમ ગુનો હોય, હવે પછી તેઓ આ પ્રકારનો ગુનો કરશે નહી અને ગુના અંગે પશ્ચાતાપ હોવાનું જણાવતા હોય, તમામ હકીકત ધ્યાને લેતાં, આરોપીઓને સુધરવાની તક આપવી જરૂરી માનું છું. ગુનો તથા કાયદામાં સજાની જોગવાઈ જોતાં, પેનલ્ટીનો હુકમ પુરતો હોવાનું માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>**

(૧) સુનીલભાઈ પંજુમલ હીરાણી (૨) વિનોદકુમાર પંજુમલ આહુજા

(૩) કવીતાબેન વા/ઓ સુનીલભાઈ પંજુમલ હીરાણી, (૪) પદમાબેન વા/ઓ વિનોદકુમાર પંજુમલ આહુજાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે, અને દરેક આરોપીને રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) (કુલ રૂ.૮૦૦/– અંકે રૂપિયા આઠસો પુરા) નો દંડ તથા દંડ ન ભરે તો દિન–૨ (બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ મુદામાલ પૈકી રોકડ રકમ અપીલ સમય વિત્યા બાદ સરકાર ખાલસા કરવી જયારે ગંજીપતાના પાનાનો નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ: **૨૦મી, માહે જુન, સને ૨૦૨૬** ના રોજ સહી કરી સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

મુકામ : જૂનાગઢ
તારીખ: ૨૦/૦૬/૨૦૨૬

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ.
કોડ નં. જી.જે. ૦૦૮૬૨

**એમ.એમ. નં.............. તા...................... થી**
**રૂ................................. દંડના વસુલ લીધા.**

**નાઝીર,**
**ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢ.**